**સ્મીમેરના ન્યુરોસર્જન સામે ગંભીર આક્ષેપો**

# ખાનગી હોસ્પિટલમાં લઇ જાઓ, દર્દી સારો થઇ જશે

**ખાનગી** હોસ્પિટલમાં ખસેડ્યા બાદ દર્દીનું મોત થતાં તપાસની માંગ

સુરતઃ સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલના ન્યુરોસર્જન ડો. જીગર શાહ સામે એક દર્દીના પરિવારજનોએ ગંભીર બેદરકારી અને ગેરમાર્ગે દોરવાના આક્ષેપો કરતાં સમગ્ર ઘટનાએ ચકચાર મચાવી છે.

નવા કોસાડ-કમેલા વિસ્તારના સંજયનગરમાં રહેતા 40 વર્ષીય મહેમુદાબી અમીનખાનને 15 જૂને અચાનક માથામાં તીવ્ર દુખાવો ઉપડતાં તેમને સ્મીમેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. દર્દીના પુત્ર હુસેનખાને આક્ષેપ કર્યો છે કે સારવાર દરમિયાન ડો. જીગર શાહે તેમને વિશ્વાસમાં લઈને જણાવ્યું હતું કે દર્દી સંપૂર્ણપણે સ્વસ્થ થઈ જશે. પરિવારના જણાવ્યા મુજબ ડોક્ટરે પોતાની હજારો સફળ સર્જરીઓનો ઉલ્લેખ કરીને દર્દીને ખાનગી હોસ્પિટલમાં ખસેડવા માટે આગ્રહ કર્યો હતો. પરિવારનો દાવો છે કે ડોક્ટરે ઓપરેશન બાદ 24 કલાકમાં દર્દી સામાન્ય રીતે વાતચીત કરવા લાગશે તેવી ખાતરી આપી હતી. હુસેનખાનના જણાવ્યા મુજબ માતાના મોત બાદ ડોક્ટરનો સંપર્ક કરવાનો અનેક વખત પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ ફોનનો જવાબ મળ્યો ન હતો.

### ‘મારી કોઈ લાપરવાહી નથી’: ડો.જીગર શાહ

આક્ષેપો અંગે ડો. જીગર શાહે જણાવ્યું હતું કે કેસમાં તેમની કોઈ બેદરકારી નથી. તેમના જણાવ્યા મુજબ દર્દીને લગભગ 8 સેન્ટીમીટર જેટલું મોટું બ્રેઈન ટ્યુમર હતું. દર્દીના સગાઓએ જાતે જ તેમનો સંપર્ક કર્યો હતો અને ત્યારબાદ નિર્મલ હોસ્પિટલમાં સર્જરી કરવામાં આવી હતી. ડો. શાહના કહેવા મુજબ ઓપરેશન સફળ રહ્યું હતું અને સર્જરી બાદ દર્દી ઇશારા દ્વારા પ્રતિક્રિયા પણ આપવા લાગ્યા હતા. જોકે ત્યારબાદ અચાનક ખેંચ (સીજર) આવવી અને બ્લડ પ્રેશર ખૂબ ઘટી જવાથી સ્થિતિ ગંભીર બની હતી, જેના કારણે દર્દીનું મોત થયું હતું.

### સ્મીમેર સુપરિન્ટેન્ડેન્ટે તપાસના સંકેત આપ્યા

ઘટના અંગે સ્મીમેર હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ ડો. જિતેન્દ્ર દર્શને જણાવ્યું હતું કે સરકારી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીને અન્ય હોસ્પિટલમાં ખસેડવાની સલાહ આપવાનો મુદ્દો ગંભીર છે. તેમણે સ્પષ્ટ કર્યું કે હાલમાં સ્મીમેર હોસ્પિટલમાં માઇક્રોસ્કોપિક ન્યુરોસર્જરી માટે જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ છે અને આવા પ્રકારનું ઓપરેશન સ્મીમેરમાં પણ થઈ શકે તેમ હતું. જો ક્ષતિ સામે આવશે તો પગલાં લેવાશે.

# લિંબાયત ખાતે મટકાના અડ્ડા ઉપર SMCની રેડ

**આંકડો** લગાવી રહેલા 10ને પકડી પાડ્યા, 12 ફરાર

સુરતઃ હાલમાં જ ગુજરાત કનેક્શન વાળી મટકા કિંગ સીરીઝ આવતા સોશિયલ મીડિયા પર હોટ ફેવરિટ બની છે. આ સીરીઝ બાદ એક્શનમાં આવેલી સ્ટેટ મોનિટરિંગ સેલ રાજ્યના અનેક મોટા વરલી મટકાના મોટા અડ્ડા પર દરોડા પાડી રહી છે. જે કાર્યવાહી અંતર્ગત ગત ગુરુવારે લિંબાયતના શિવાજીનગર સોસાયટી અને રત્નપ્રભા સોસાયટી નજીક ભોલેબાબા મંદિર પાસેના શેડ નીચે ચાલી રહેલા વરલી મટકાના અડ્ડા પર SMCની ટીમે દરોડો પાડી 10 જુગારીને ઝડપી પાડ્યા હતા, જ્યારે મુખ્ય સંચાલકો સહિત 12 શખ્સ અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યા હોવાનું સામે આવ્યું છે. પોલીસે દરોડા દરમિયાન 3.59 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ સ્ટેટ મોનિટરિંગ સેલના પીએસઆઈ જે.એસ. રાજપૂત અને તેમની ટીમને લિંબાયત વિસ્તારમાં મોટા પાયે વરલી મટકાનો જુગાર રમાતો હોવાની ચોક્કસ બાતમી મળી હતી. જેના આધારે પોલીસે વોચ ગોઠવી કાર્યવાહી કરતાં સ્થળ પરથી રોકડ રકમ, મોબાઈલ ફોન, દ્વિચક્રી વાહનો તથા જુગારનું સાહિત્ય મળી કુલ 3,59,330નો મુદ્દામાલ કબજે કર્યો હતો. દરોડા દરમિયાન પોલીસે વરલી મટકાના કેશિયર અને રાઈટર તરીકે કામ કરતા તસ્લીમ મન્સૂર શેખ, રાજેશ વિજય પાટીલ, મુક્તાર ઈસ્માઈલ મુજાવર, સ્વપ્નિલ છોટુ વલ્હે સહિત કુલ 10 આરોપીની ધરપકડ કરી હતી. જ્યારે કૈલાસ ઉર્ફે જયમાતાજી સુદામ પાટીલ, ગોપાલ પાટીલ અને કુલકર્ણી નામના મુખ્ય પ્લેમેકરો સહિત અન્ય જુગારીઓ સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા.

## સરથાણામાં તાપી નદીમાં માછીમારી કરવા ગયેલા યુવકનું ડૂબી જતાં મોત

સુરતઃ સરથાણા વિસ્તારમાં મંત્ર હાઈટ્સની સામે તાપી નદીમાં માછીમારી કરવા ગયેલા 29 વર્ષીય યુવકનું ડૂબી જવાથી મોત નીપજ્યું હતું. મોટા વરાછા ખરી ફળિયામાં રહેતો અબ્દુલ ઈબ્રાહીમ માંજરા (ઉ.વ.29) છૂટક મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. ગઈકાલે સવારે સરથાણા વિસ્તારમાં મંત્ર હાઈટ્સની સામે તાપી નદીના કિનારે માછલી પકડવા ગયો હોવાનું જાણવા મળ્યું હતું. આ દરમિયાન કોઈ કારણસર તે નદીના ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. પરિવારજનોએ તેની શોધખોળ હાથ ધરી હતી, ત્યારે તાપી નદીમાંથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો. પરિવારજનોએ મૃતદેહને બહાર કાઢી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. સરથાણા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

**વરાછા ગરનાળામાં ફરી ટ્રક ફસાઇ ગઇ**



■ વરાછા ગરનાળામાં ટ્રક ફસાઇ જવાના અગાઉ અનેક બનાવ બની ચૂક્યા છે. તેમ છતાં ટ્રક ચાલકો સુધરતા નથી. આજે પણ અહીં એક ટ્રક ફસાઇ ગઇ હતી. **(તસવીર : સતીષ જાદવ)**

# વીમા કંપની સામેના 38.30 લાખના ક્લેમની ફરિયાદ ગ્રાહક કોર્ટે ફગાવી

**કોવિડની** બીમારીથી પતિનું મૃત્યુ થતાં પત્નીએ કરેલો ક્લેમ વીમા કંપની એ રદ કર્યો હતો

સુરતઃ વીમા પોલિસીની શરતોને લઈને ગ્રાહક સુરક્ષા કમિશને કોવિડની બીમારીમાં મૃત્યુ પામનારની પત્નીએ વીમા કંપની સાથે કરેલો દાવો ફગાવી દીધો હતો.

આ સમગ્ર મામલાની વિગત એવી છે કે, સુરતના અડાજણ વિસ્તારમાં રહેતા સ્વ. જગદીશચંદ્ર તન્નાએ ટાટા કેપિટલ હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ પાસેથી ૩૮.૩૦ લાખ રૂપિયાની મોર્ગેજ લોન લીધી હતી અને તેની સુરક્ષા માટે ટાટા એઆઈજી જનરલ ઈન્સ્યોરન્સની વીમા પોલિસી પણ મેળવી હતી. દરમિયાન, ૧૭ એપ્રિલ ૨૦૨૧ના રોજ કોવિડમાં તેમનું અવસાન થતાં, પત્નીએ વીમા કંપની સમક્ષ ક્લેમ રજૂ કર્યો હતો. જોકે, કંપનીએ આ મૃત્યુ પોલિસીના કવરેજમાં આવતા બનાવોમાં સમાવિષ્ટ ન હોવાનું જણાવી ક્લેમ રદ કરી દીધો હતો. આ નિર્ણયને પડકારતા ફરિયાદીએ ગ્રાહક કમિશનમાં ફરિયાદ દાખલ કરી હતી, જેમાં વીમા કંપની તરફે વકીલ શ્રેયસ દેસાઈ અને દર્શન દેસાઈએ રજૂઆત કરી હતી કે તેમની પોલિસીમાં માત્ર ૧૧ નિર્દિષ્ટ પ્રકારના બનાવોનું જ કવરેજ મળે છે, જેમાં બીમારી કે કોવિડ-૧૯નો સમાવેશ થતો નથી. ફરિયાદી પક્ષે અગાઉના એક અદાલતી ચુકાદાનો સંદર્ભ આપી વળતરની માંગ કરી હતી, કોર્ટે અવલોકન કર્યું હતું કે, ફરિયાદી એ સાબિત કરવામાં નિષ્ફળ રહ્યા છે કે મૃતકનું મૃત્યુ પોલિસીની શરતોમાં જણાવેલ ૧૧ પૈકીના કોઈ ચોક્કસ કારણસર થયું હતું.

# આજા ફસ જા: ATM સેન્ટર પર ગઠિયાઓનો હેલ્પલાઈન નંબર

**ગોડદારાના** SBIના ATMમાં કાર્ડ ફસાવી વેપારીના 38 હજાર ઉપાડી લીધા

**નકલી** હેલ્પલાઈન નંબર પર ફોન કરતાં વેપારીને પરવટગામ બોલાવ્યો ને ખેલ કર્યો





સુરતઃ ગોડાદરામાં એટીએમ મશીનમાં કાર્ડ ફસાવી દઈ, નોટિસ બોર્ડ પર ખોટો હેલ્પલાઈન નંબર લખીને ગ્રાહકોને જાળમાં ફસાવતી ટોળકી સક્રિય થઈ છે. ગોડાદરા જોગણીમાતા ચાર રસ્તા પાસે આવેલા એસબીઆઇના એટીએમમાં પૈસા ઉપાડવા ગયેલા એક વેપારીનું કાર્ડ ફસાવી દઈ, કથિત હેલ્પલાઈન કર્મચારીએ પીન નંબર મેળવી ખાતામાંથી કુલ રૂ.૩૮,૦૦૦ ઉપાડી લઈ છેતરપિંડી આચરવામા આવી છે.

મૂળ ગીરસોમનાથના ઉના તાલુકાના સણોસરી ગામના વતની અને હાલ સુરતના દેવધગામમાં આનંદી હાઇટ્સમાં રહેતા ૩૬ વર્ષીય મહેશભાઈ સાદુળભાઇ ગુદરાસીયા ટેક્સટાઈલ માર્કેટમાંથી સાડીઓ પર ડાયમંડ લગાડવાનું જોબવર્ક કરે છે. ગત તા. ૧૫/૦૫/૨૦૨૬ના રોજ સાંજે તેઓને રોકડા નાણાંની જરૂર પડતાં ગોડાદરા જોગણીમાતા ચાર રસ્તા પાસે ગણેશ પાનની બાજુમાં આવેલા SBIના ATMમાં ગયા હતા. તેમણે પોતાના ICICI બેંકના ખાતામાંથી રૂ.૧૦,૦૦૦ ઉપાડ્યા હતા, પરંતુ કાર્ડ મશીનમાંથી બહાર નીકળ્યું ન હતું. કાર્ડ ફસાઈ જતાં તેમણે આજુબાજુ નજર કરતાં નોટિસ બોર્ડ પર એક મોબાઈલ નંબર ૭૯૭૦૬૪૦૨૧૨ લખેલો જોવા મળ્યો હતો. મહેશભાઈએ આ નંબર પર ફોન કરતાં સામેથી હિન્દી ભાષી અજાણ્યા પુરુષે પોતે ‘એસબીઆઈ એટીએમ હેલ્પલાઇન’માંથી બોલે છે તેમ કહી પ્રોસેસ કરાવી હતી, પરંતુ કાર્ડ નીકળ્યું ન હતું. ત્યારબાદ સાતિર ઠગે વિશ્વાસમાં લઈ એટીએમનો પીન નંબર જાણી લીધો હતો અને પ્રક્રિયાના બહાને મહેશભાઈને પરવટગામ ચોરા પાસે આવવા જણાવ્યું હતું. ફરી ફોન આવ્યો કે તમારી સાથે કોઈ હોય તો સહી કરવા માટે તેમને પણ સાથે લઈ આવો.

મહેશભાઈ પરત એટીએમ પર આવી દીકરાને સાથે લઈ પરવટગામ પહોંચ્યા હતા અને થોડી જ વારમાં મહેશભાઈના મોબાઈલ પર ૯,૫૦૦ના ચાર બેંક ટ્રાન્ઝેક્શનના મેસેજ આવ્યા હતા, જેમાં કુલ રૂ.૩૮,૦૦૦ ઉપડી ગયા હતા. તેમણે તાત્કાલિક એ જ મોબાઈલ નંબર પર ફોન કરીને પોલીસ ફરિયાદની ચીમકી આપતા ઠગે પૈસા આપોઆપ ઉપડી ગયા છે અને રીફંડ થઈ જશે તેવો લૂલો બચાવ કર્યો હતો. બીજા દિવસથી આરોપીનો ફોન સ્વિચ ઓફ આવતો હતો.

મહેશભાઈએ પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે મોબાઈલ નંબરના આધારે અજાણ્યા ઠગ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## ટ્રેનમાંથી મોબાઈલ ચોરતા ત્રણ ઝડપાયા, 19 ફોન જપ્ત કરાયા

સુરતઃ ચાલુ ટ્રેનમાં મુસાફરોના મોબાઈલ ફોન પાડી ચોરી કરતાં ત્રણ આરોપીને સુરત રેલવે પોલીસે પકડી પાડ્યા છે. આ કાર્યવાહીમાં કુલ 19 મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યા છે, જેની કિંમત આશરે 1,72,490 રૂપિયા છે. પોલીસ ઈન્સ્પેક્ટર જે.બી. મીઠાપરાએ સર્વેલન્સ ટીમને સક્રિય કરી હતી. સુરત રેલ્વે સ્ટેશન પહેલાં ટ્રેન ધીમી પડતી હોય તે તકનો લાભ લઈ આરોપીઓ ચોરી કરતા હતા. કાકરી ખાડી રેલવે ટ્રેક પાસેથી સાહીદ શેખ (18 વર્ષ, મજુરીકામ, રહે., આનંદનગર, ઉમરવાડા, સુરત), અજીમ શેખ (25વર્ષ, મજુરીકામ, રહે., સંજયનગર, પુણા, સુરત) અને શુભમ પાંડે (20 વર્ષ, મજૂરીકામ, રહે.,આનંદનગર, ઉમરવાડા, સુરત)ને ઝડપી પાડ્યા છે.

# નાસીરનગરની બાજુમાં બિલ્ડરોના પ્રોજેક્ટના ડિમોલિશન માટે નોટિસ

**ભૂતિયા** ડિમોલીશનથી 80થી વધુ પરિવારો બેઘર થયા છતાં બિલ્ડરો બેખોફ

**મનપાની** અગાઉની નોટિસની અવગણના બાદ આખરે ડિમોલિશન ની નોટિસ આપી

સુરતઃ વેડદરવાજાના નાસીરનગરમાં ભૂતિયા ડિમોલિશનમાં માટે જવાબદાર મનાતા બિલ્ડરો દ્વારા પોતાના પ્રોજેક્ટમાં સામા ચોમાસે બાંધકામ શરૂ રાખવામાં આવતાં આખરે મનપા દ્વારા આ બિલ્ડરોના પ્રોજેક્ટના ડિમોલિશનના સંદર્ભમાં તેને શા માટે દૂર નહીં કરવું તેની નોટિસ ફટકારી છે.

મળતી માહિતી મુજબ, જ્યાં ભૂતિયા ડિમોલિશન કરાયું તેવા નાસીરનગરની બાજુમાં આવેલી નોંધ નં. 1267/3/1વાળી જગ્યામાં કોઈપણ પ્રકારના પ્લોટ વેલિડેશન કે બાંધકામની સૈદ્ધાંતિક મંજૂરી વિના બિલ્ડરો શૈલેષ અને સંજય દ્વારા બેઝમેન્ટ અને પાયા ખોદવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

30 મેના રોજ ડિમોલીશન દરમિયાન ભારે હોબાળો અને વિરોધ છતાં સ્થળ પર બાંધકામની કામગીરી ચાલુ રહી હતી. જેના પગલે સેન્ટ્રલ ઝોન દ્વારા 30 મેના રોજ સ્થળ પર ચાલી રહેલા ખોદકામને અટકાવી ખાડા પૂરી જમીન મૂળ સ્થિતિમાં લાવવા માટે નોટિસ આપવામાં આવી હતી. જોકે, મનપાની નોટિસને અવગણીને બિલ્ડરો દ્વારા બાંધકામની કામગીરી યથાવત રાખવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

ડિમોલીશન વિવાદ બાદ પણ ગેરકાયદેસર રીતે બાંધકામ ચાલુ રહેતા આખરે સેન્ટ્રલ ઝોને મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ-1949ની કલમ-260(1-A) હેઠળ નોટિસ ફટકારી છે. નોટિસમાં સાત દિવસની અંદર લેખિતમાં સ્પષ્ટતા કરવા જણાવાયું છે કે ગેરકાયદેસર બાંધકામ દૂર કેમ ન કરવામાં આવે. જો સંતોષકારક જવાબ નહીં મળે તો કલમ-260(2) મુજબ બાંધકામ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. મનપાએ આખરે કડક વલણ અપનાવી નોટિસ ફટકારતા હવે આગામી દિવસોમાં આ મામલે શું કાર્યવાહી થાય છે તેના પર સૌની નજર મંડાઈ છે.

**અમેરિકન કંપની સાથેની ડીલમાં ‘ઈમેલ કોમ્પ્રોમાઇઝ ફ્રોડ’**

# ‘W’ નો ‘VV’ થઈ ગયો અને ખાતામાંથી 1 લાખ ડોલર સાફ

**અમેરિકન** કંપનીના lawને બદલે lavv નામે ફેક ઈમેલ બનાવી ફાઈનાન્સ કંપનીના પૈસા પડાવ્યા

સુરતઃ રિંગ રોડ સ્થિત એક ફાઈનાન્સિયલ ઈન્વેસ્ટમેન્ટ કંપની સાથે અમેરિકાના ડેલેવર રાજ્યની ‘બેન્ટો લેબ્સ એ.આઈ., ઈન્ક.’માં રોકાણ કરાવવાના બહાને રૂ.94 લાખની સાયબર ઠગાઈ આચરાઈ હોવાનો કિસ્સો સામે આવ્યો છે. કંપની અને અમેરિકન કંપની વચ્ચે રોકાણ અંગે ઈ-મેલ દ્વારા વાતચીત ચાલી રહી હતી ત્યારે અજાણ્યા સાયબર ઠગોએ કંપનીના લીગલ હેડના ઈ-મેલ જેવું જ પણ અમેરિકન કંપનીના સાયબર ઠગોએ મૂળ ઈમેલ chirayu@inventuslaw.com ના સ્થાને chirayu@inventuslavv.com નામનું ફેક ઈમેલ બનાવ્યું હતું. અને બેંક ખાતાની ખોટી વિગતો 1,00,000 યુએસ ડોલર (અંદાજે રૂ.94 લાખ) અન્ય ખાતામાં ટ્રાન્સફર કરી દીધા હતા.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ડિંડોલી ઓમ સાઈ બંગલોમાં રહેતા 52 વર્ષીય વિનુભાઈ ફકિરભાઈ બંડોલેકરની કંપની વિવિધ રોકાણકારો પાસેથી ભંડોળ એકત્રિત કરી દેશ-વિદેશની સ્ટાર્ટઅપ કંપનીઓમાં રોકાણ કરાવવાનું કાર્ય કરે છે. ગત માર્ચ મહિનામાં એજન્ટ રાહુલ ગુપ્તા મારફતે અમેરિકાના ડેલેવર રાજ્યની ‘બેન્ટો લેબ્સ એ.આઈ., ઈન્ક.’ નામની કંપનીમાં રોકાણ માટે વાતચીત શરૂ થઈ હતી. બંને કંપનીઓ વચ્ચે તમામ કાયદાકીય પ્રક્રિયા અને દસ્તાવેજી કાર્યવાહી ઓફિશિયલ ઈમેલ આઈડી મારફતે પૂર્ણ કરવામાં આવી હતી. આ દરમિયાન તા. ૨૧ એપ્રિલ, ઠગે ફેક ઈ ઈમેલ તૈયાર કર્યો હતો, ત્યારબાદ બેંક ખાતાની વિગતો બદલાઈ હોવાનું જણાવી ‘બેંક ઓફ અમેરિકા’ના નામે બનાવટી પીડીએફ લેટર મોકલવામાં આવ્યો.

કંપનીના ૧૭ જેટલા રોકાણકારો પાસેથી એકત્રિત કરાયેલા ૧,૦૦,૦૦૦ યુએસ ડોલરની રકમ તા. ૩૦ એપ્રિલે ગાંધીનગર ગિફ્ટ સિટી સ્થિત આઈસીઆઈસીઆઈ બેંકના ખાતામાંથી ફેક ઈમેલમાં દર્શાવેલા બેંક ઓફ અમેરિકાના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવી હતી.

## વરાછા અને પાલનપુરમાં ચોથા માળેથી પટકાતાં બે યુવકોના મોત

સુરતઃ શહેરમાં ગુરુવારે મોડી રાત્રે બનેલા બે અલગ-અલગ અકસ્માતોમાં બે યુવકના કરુણ મોત થયા હતાં. પહેલા બનાવની વાત કરીએ તો વરાછામાં રહેતા રાજકુમાર રાજલક્ષ્મી ડંડોતિયા બુધવારે રાત્રે પોતાના ઘરના ચોથા માળે આવેલા ધાબા પર સૂઈ ગયા હતા. અચાનક વરસાદ શરૂ થતાં તેઓ ઊંઘમાં જ ધાબા પરથી નીચે આવવા માટે પતરાંના રસ્તે ઉતરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. જોકે અંધકાર અને ઊંઘની સ્થિતિમાં તેમનો પગ લપસી ગયો હતો. પરિણામે તેઓ સીધા નીચે પટકાયા હતા. ગંભીર ઈજાઓને કારણે તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે બીજા બનાવમાં પાલનપુર જકાતનાકા વિસ્તારની સંત તુકારામ સોસાયટીમાં રહેતા 40 વર્ષીય દીપક વિનોદભાઈ રાઠોડનું ચોથા માળેથી પટકાતાં મોત થયું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### વિવિધ રાણા સમાજ દ્વારા મહારાણા પ્રતાપને માલ્યાર્પણ કરાઈ



સુરતઃ શ્રી અખિલ ભારત રાણા સમાજ, શ્રી સુરત રાણા સમાજ દ્વારા તાઃ ૧૭-૬-૨૬ના રોજ કોટસફીલ રોડ, મહારાણા સર્કલ, નવાપુરા ખાતે વીર મહારાણા પ્રતાપ જયંતિ નિમિત્તે પ્રતિમાને માલ્યાર્પણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ધારાસભ્ય અરવિંદ રાણા, શ્રી અખિલ ભારત રાણા સમાજના પ્રમુખ દિપક કાશીરામ રાણા, મહામંત્રી નવીનચંદ્ર ચપડિઆ, શ્રી સુરત રાણા સમાજના પ્રમુખ નવીન હીરાલાલ જરીવાલા, મહામંત્રી બીપીન જરીવાળા, મહિલા ફોરમના પ્રમુખ શ્રીમતી ચંપાકલીબેન જરીવાલા, નવાપુરા અર્બન સોસાયટીના ડિરેક્ટર શશીકાંત દાળિયા, કોર્પોરેટર સંદીપ ચલકવાળા, વિદ્યાર્થી કેળવણી સંઘના પ્રમુખ વ્રજલાલ જરીવાલા, યુવા ફોરમ, મહિલા ફોરમના કાર્યકતા, તબલાવાદક કંચનલાલ જરીવાળા તથા મોટી સંખ્યામાં રાણા સમાજના અગ્રણી કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

### પદ્મશ્રી નિલેશભાઈ માંડલેવાળાનું કાલુપુર કો.-ઓ. બેન્ક દ્વારા વિશેષ સન્માન કરાયું



અમદાવાદ : દેશભરમાં ‘ઓર્ગન મેન ઓફ ઇન્ડિયા’ તરીકે જાણીતા પદ્મશ્રી નિલેશભાઈ માંડલેવાળાનું કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટિવ બેન્ક લિમિટેડ દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. નિલેશભાઈને સાલ ઓઢાડી અને સ્મૃતિચિન્હ અર્પણ કરી તેમની સેવાકીય કામગીરીને બિરદાવવામાં આવી હતી. અંગદાન જાગૃતિ, નિલેશભાઈ માંડલેવાળાને પદ્મશ્રી પુરસ્કાર ઉપરાંત ભારત તથા યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાની પ્રતિષ્ઠિત સંસ્થાઓ દ્વારા 70થી વધુ પુરસ્કારો અને સન્માનોથી નવાજવામાં આવ્યા છે. તેમાં ગુજરાત સરકારનો પ્રતિષ્ઠિત ‘ગુજરાત ગરિમા એવોર્ડ’ પણ સામેલ છે. કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટિવ બેન્કે નિલેશભાઈના સમાજહિતના કાર્યોને બિરદાવતાં તેમના ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

### પીપી સવાણી રેડિયન્ટ એકેડેમીમાં 1732 વિદ્યાર્થીઓએ ઉજવ્યો યોગ દિવસ

સુરત : કતારગામ સ્થિત પીપી સવાણી રેડિયન્ટ ઈંગ્લિશ એકેડેમીમાં 12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. ‘સ્વસ્થ વૃદ્ધાવસ્થા માટે યોગ’ થીમ હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં 1732 વિદ્યાર્થીઓ ઉપરાંત શિક્ષકો અને બિન-શૈક્ષણિક સ્ટાફે ભાગ લીધો હતો. આચાર્ય ડો. રિતેશ અગ્રવાલે વિદ્યાર્થીઓને યોગાસન અને પ્રાણાયામનું માર્ગદર્શન આપતાં તાડાસન, વૃક્ષાસન અને ભુજંગાસન સહિત વિવિધ આસનો કરાવ્યા હતા. અંતે તમામ ઉપસ્થિતોએ યોગને જીવનશૈલીનો અભિન્ન ભાગ બનાવવાનો સંકલ્પ લીધો હતો.

### ફાધર્સ ડે નિમિત્તે પી.પી. સવાણી વિદ્યાભવનમાં ક્રાફ્ટ એક્ટિવિટી યોજાઈ




સુરતઃ ફાધર્સ ડે નિમિત્તે પી.પી. સવાણી વિદ્યાભવન, ઉમરા ખાતે પીડિલાઈટ કંપની (ફેવિક્રિલ)ના સહયોગથી ધોરણ 1 થી 5ના વિદ્યાર્થીઓ માટે વિશેષ ક્રાફટ એક્ટિવિટીનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન બાળકોએ પોતાના પિતાના ફોટા સાથે સુંદર સંદેશા અને વિચારો રજૂ કર્યા હતા. આ પ્રસંગે શાળાના આચાર્ય પૂર્વીકાબેને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી તેમની કૃતિઓની પ્રશંસા કરી હતી. કાર્યક્રમનું આયોજન ચિત્ર શિક્ષક અશોકભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

### સહકારી બેન્કોના ડિરેકટરો-પ્રબંધકો માટે ‘સાયબર સિક્યુરિટી’ તાલીમ શિબિર યોજાઈ



સુરતઃ સ્કોબ તથા સાર્વજનિક યુનિ.ના સંયુક્ત ઉપક્રમે સહકારી બેન્કોના ડિરેક્ટરો અને વરિષ્ઠ પ્રબંધકો માટે “સાયબર સિક્યુરિટી” વિષયક એક દિવસીય તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. 13 જૂને યોજાયેલી આ કાર્યશાળામાં દક્ષિણ ગુજરાતની આશરે 20 જેટલી સહકારી બેન્કોના 110થી વધુ પ્રતિનિધિઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યશાળામાં અગ્રણી એડવોકેટ, ડો. ચિંતન પાઠકે મુખ્ય વક્તા તરીકે તેમજ સ્કોબાના ઉપાધ્યક્ષ દેવાંગ ચોક્સીએ વિવિધ મુદ્દે માર્ગદર્શન આપ્યું હતું. સ્કોબાના માનદ કોષાધ્યક્ષ કૌશિક દલાલે મુખ્ય વક્તાનો પરિચય આપ્યો હતો, જ્યારે તત્કાલીન પ્રમુખ મુકેશ ગજ્જરે ડો. ચિંતન પાઠકનું સન્માન કર્યું હતું. માનદ સહમંત્રી મયૂર ચૌહાણે આભારવિધિ કરી હતી. સંચાલન સ્કોબાના આસિસ્ટન્ટ મેનેજર બિજલ પારેખે કર્યું હતું.

### યોગ દિવસ નિમિત્તે શારદાયતન શાળામાં યોગ કાર્યક્રમ યોજાયો



સુરતઃ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે શારદાયતન શાળામાં ધોરણ 5થી 12ના વિદ્યાર્થીઓ માટે વિશેષ યોગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પતંજલિ યોગ સંસ્થાના નિષ્ણાત યોગ શિક્ષકોએ વિદ્યાર્થીઓને વિવિધ યોગાસનો, પ્રાણાયામ અને યોગના શારીરિક-માનસિક લાભોની માહિતી આપી હતી. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓએ નિયમિત યોગ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

### બ્રહ્માકુમારીના કતારગામના સેવા કેન્દ્ર દ્વારા શાંતિયાત્રા કાઢવામાં આવી



સુરતઃ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય કતારગામ મુખ્ય સેવાકેન્દ્ર તથા લક્ષ્મીકાંત સેવા કેન્દ્ર દ્વારા 14 જુન રવિવારના રોજ ‘વોક ફોર પીસ એન્ડ યોગા’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં 70 ભાઈ-બહેનો શાંતિયાત્રામાં જોડાયા હતા. કાર્યક્રમના ઉદ્ઘાટન માટે મહેમાન તરીકે યોગ શિક્ષક પ્રીતિબેન તથા ફાયર સ્ટેશનના કાર્યકર્તા તરીકે વિનુભાઈ ઉપસ્થિત રહ્યા.